# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલઃ** gscic@gujarat.gov.in **વેબસાઇટઃ** www.gic.gujarat.gov.in


<u>તાત્કાલીક</u>

જીઆઇસી/અપીલ-૧૬૨૮-૨૦૨૪/કોર્ટ કેસ યુનિટ
તા.૨૬-03-૨૦૨૫

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯. નવા સચિવાલય,
સેકટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રી જતિનકુમાર સોમાભાઇ બારોટ રહે, રણાવાસ, મુ.મહેસાણા દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૧૨/03/૨૦૨૫ નો સંયુક્ત હુકમ ક્રમાંકઃ અપીલ-૧૬૨૮-૨૦૨૪ અન્ય ૪૬ અપીલો.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૧૨/03/૨૦૨૫ નો હુકમ ક્રમાંકઃ અપીલ-૧૬૨૮-૨૦૨૪ અન્ય ૪૬ અપીલોના સંયુક્ત હુકમની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

સં
૨૭/૩/૨૫

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

**માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ તેમજ કલમ-૧૮(૧) હેઠળ ફરિયાદ બાબત.**

**તમામ બીજી અપીલ/ફરિયાદના નંબર નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| અ-૧૬૨૮-૨૦૨૪ | અ-૧૬૨૯-૨૦૨૪ | અ-૧૬૩૦-૨૦૨૪ |
| અ-૧૬૩૨-૨૦૨૪ | અ-૨૧૮૭-૨૦૨૪ | અ-૨૧૮૯-૨૦૨૪ |
| અ-૨૧૯૦-૨૦૨૪ | અ-૨૧૯૧-૨૦૨૪ | અ-૨૧૯૪-૨૦૨૪ |
| અ-૨૧૯૫-૨૦૨૪ | અ-૨૧૯૭-૨૦૨૪ | અ-૨૧૯૮-૨૦૨૪ |
| અ-૨૩૫૩-૨૦૨૪ | અ-૨૩૫૪-૨૦૨૪ | અ-૨૩૫૯-૨૦૨૪ |
| અ-૨૪૭૭-૨૦૨૪ | અ-૨૮૯૬-૨૦૨૪ | અ-૨૯૦૨-૨૦૨૪ |
| અ-૨૯૨૨-૨૦૨૪ | અ-૨૯૨૩-૨૦૨૪ | અ-૨૯૨૪-૨૦૨૪ |
| અ-૪૧૨૩-૨૦૨૪ | અ-૪૧૨૮-૨૦૨૪ | અ-૪૧૨૯-૨૦૨૪ |
| અ-૪૧૩૦-૨૦૨૪ | અ-૪૧૩૧-૨૦૨૪ | અ-૪૬૪૬-૨૦૨૪ |
| ફ-૦૩૧૨-૨૦૨૪ | ફ-૦૩૧૩-૨૦૨૪ | ફ-૦૪૩૪-૨૦૨૪ |
| ફ-૦૪૬૮-૨૦૨૪ | ફ-૦૪૬૯-૨૦૨૪ | ફ-૦૪૭૦-૨૦૨૪ |
| ફ-૦૪૯૪-૨૦૨૪ | ફ-૦૪૯૫-૨૦૨૪ | ફ-૦૫૦૬-૨૦૨૪ |
| ફ-૦૮૧૮-૨૦૨૪ | ફ-૦૮૧૯-૨૦૨૪ | ફ-૦૮૨૦-૨૦૨૪ |
| ફ-૦૮૫૦-૨૦૨૪ | ફ-૦૮૫૧-૨૦૨૪ | ફ-૦૯૯૯-૨૦૨૪ |
| ફ-૦૧૮૬-૨૦૨૫ | ફ-૦૧૮૭-૨૦૨૫ | ફ-૦૧૮૮-૨૦૨૫ |
| ફ-૦૧૮૯-૨૦૨૫ | ફ-૦૧૯૦-૨૦૨૫ | |

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

વિવાદી : શ્રી જતિનકુમાર સોમાભાઇ બારોટ
રણાવાસ, નીચો ભાટવાડો,
મુ.તા.જી. મહેસાણા - ૩૮૪૦૦૧

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) <u>જાહેર માહિતી અધિકારી</u>
તલાટી-કમ મંત્રી
સાંપા ગ્રામ પંચાયતની કચેરી
મુ.સાંપા, તા. દહેગામ
જી. ગાંધીનગર – ૩૮૨૩૧૫

(૨) <u>જાહેર માહિતી અધિકારી</u>
તલાટી-કમ-મંત્રી
છત્રાલ ગ્રામપચાયત કચેરી
મુ.છત્રાલ, તા. કલોલ
જી. ગાધીનગર – ૩૮૨૭૨૯

(૩) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી
પાટનગર યોજના પેટા વિભાગ-૭,
ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૨, ભોંયતળિયે,
સેકટર નં.૧૦, ગાંધીનગર - ૩૮૨૦૧૦

(૪) <u>જાહેર માહિતી અધિકારી</u>
પ્રાંત અધિકારી
પ્રાંત અધિકારીઅને સબ ડીવીઝનલ
મેજીસ્ટ્રેટની કચેરી,કડી, ઠે.કરણનગર રોડ,
પ્રથમ માળ, તાલુકા સેવા સદન,કડી,
તા.કડી નવિ આદર્શ હાઈસ્કુલની સામે,
તાલુકા સેવા સદન,કડી, તા. કડી
જી. મહેસાણા - ૩૮૨૭૧૫

(૫) <u>જાહેર માહિતી અધિકારી</u>
પ્રાંત અધિકારી
પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ
મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર વિભાગ,
જીલ્લા સેવા સદન,
જીલ્લા કલેક્ટર કચેરી,
બીજો માળ,સેક્ટર-૧૧,
ગાંધીનગર - ૩૮૨૦૧૧

(૬) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
પંચાયત માર્ગ અને મકાન વિભાગ
જીલ્લા પંચાયત કચેરી,
ગાંધીનગર – ૩૮૨૦૧૦

(૭) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ
અરવલ્લી પંચાયત માર્ગ અને મકાન
વિભાગ, તા. મોડાસા
જી. અરવલ્લી – ૩૮૩૩૧૭

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૮) જાહેર માહિતી અધિકારી
મદદનીશ વન સંરક્ષક
નાયબ વન સંરક્ષકની કચેરી
સામાજીક વનીકરણ,બનાસકાંઠા વન
વિભાગ,સોનારીયા બંગલો,
બનાસડેરી રોડ,પાલનપુર
જી. બનાસકાંઠા – ૩૮૫૦૦૧

(૯) જાહેર માહિતી અધિકારી
પર્યાવરણ ઈજનેર
ગુજરાત પ્રદુષણ નિયત્રંણ બોર્ડ
બીજ નિગમ પાસે, "પર્યાવરણ ભવન"
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦

(૧૦) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઈજનેર
ગુજરાત પાણી પુરવઠા અને
ગટર વ્યવસ્થા બોર્ડ
કાર્યપાલક ઈજનેરની કચેરી,
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,
બ્લોક "બી" વિંગ,પાંચમો માળ,
સહયોગ સંકુલ,પ્રથિકાશ્રમ હોટલ પાસે,
સેકટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧

ગુજરાત માહિતી આયોગ

(૧૧) જાહેર માહિતી અધિકારી
મદદનીશ વન સંરક્ષક
નાયબ વનસંરક્ષકની કચેરી
રાજ મહેલ રોડ,વનવિભાગ,
રેલ્વે સ્ટેશનની બાજુમાં,
પાટણ - ૩૮૪૨૬૫

(૧૨) જાહેર માહિતી અધિકારી
ભુસ્તરશાસ્ત્રી
ભુસ્તરશાસ્ત્રીની કચેરી
જીલ્લા સેવા સદન, ભોંયતળીયે,
તા. મોડાસા, જી. અરવલ્લી – ૩૮૩૩૧૫

(૧૩) જાહેર માહિતી અધિકારી
ભુસ્તરશાસ્ત્રી
ભુસ્તરશાસ્ત્રીની કચેરી
ખાણ અને ખનિજ ખાતુ, બ્લોક-બી,
ત્રીજો માળ, બહુમાળી ભવન,
તા. હિંમતનગર
જી. સાબરકાંઠા - ૩૮૩૦૦૧

(૧૪) જાહેર માહિતી અધિકારી
ભુસ્તરશાસ્ત્રી
ભુસ્તરશાસ્ત્રીની કચેરી
ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ,
બીજો માળ, જિલ્લા સેવા સદન,
પાલનપુર, જી. બનાસકાંઠા - ૩૮૫૦૦૧

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૧૫) જાહેર માહિતી અધિકારી
મદદનીશ મેનેજર
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
પ્રાદેશીક મેનેજરની કચેરી,
પ્લોટ નં.એચ-૩, જીઆઈડીસી એસ્ટેટ,
એફ.સી.આઈ.ગોડાઉન પાસે, મોઢેરા રોડ,
મહેસાણા – ૩૮૪૦૦૨

(૧૬) જાહેર માહિતી અધિકારી
ડેઝીગ્નેટેડ ઓફીસર (ફુડ)
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કચેરી
બ્લોક નં.૪, બહુમાળી મકાન,
મહેસાણા - ૩૮૪૦૦૧

(૧૭) જાહેર માહિતી અધિકારી
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી,
બી-વિંગ, સહયોગ સંકુલ,
છઠ્ઠો માળ, સેકટર-૧૧,
ગાંધીનગર – ૩૮૨૦૧૧

(૧૮) જાહેર માહિતી અધિકારી
મદદનીશ સિવીલ ઇજનેર(સિવિલ - ૦૧)
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર
સ્ટેશન પાછળ, સેક્ટર-૧૭,
ગાંધીનગર – ૩૮૨૦૧૬

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૧૯) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ)
નડીયાદ, જી. ખેડા – ૩૮૭૦૦૧

(૨૦) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેરની કચેરી,
પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ
ખેડા જીલ્લા પંચાયત, સ્ટેટ બેંકની બાજુમાં,
સ્ટેશન રોડ, નડીયાદ
જી. ખેડા - ૩૮૭૦૦૧

(૨૧) <u>જાહેર માહિતી અધિકારી</u>
ચીફ ઑફીસર
પાટણ નગરપાલિકા
જી. પાટણ - ૩૮૪૨૬૫

(૨૨) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી
માર્ગ અને મકાન પેટા વિભાગ (રાજ્ય) રેલ્વે
સ્ટેશન રોડ, હારીજ
જી. પાટણ - ૩૮૪૨૪૦

(૨૩) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી
મા.મ.(સ્ટે) પેટા વિભાગ, કડી
તા. કડી, જી. મહેસાણા – ૩૮૨૭૧૫

ગુજરાત માહિતી આયોગ

(૨૪) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી
પાટનગર યોજના પેટા વિભાગ નં.૫,
ચોથો માળ, નિર્માણ ભવન,
સેકટર-૧૦/એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦

(૨૫) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન પેટા વિભાગ,
વ્યારા, જી. તાપી - ૩૯૪૬૫૦

(૨૬) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન પેટા વિભાગ
ઉચ્છલ, તા. ઉચ્છલ
જી. તાપી - ૩૯૪૩૭૫

(૨૭) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઈજનેરની કચેરી
તાપી માર્ગ અને મકાન વિભાગ,
વ્યારા જીલ્લા સેવા સદન,
બ્લોક નં.૧૦,બીજો માળ,
પાનવાડી, તા. વ્યારા
જી. તાપી - ૩૯૪૬૫૦

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૨૮) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
પંચાયત સિંચાઇ વિભાગ,
જીલ્લા પંચાયત વડોદરા
વડોદરા - ૩૯૦૦૦૨

(૨૯) જાહેર માહિતી અધિકારી
નાયબ કાર્યપાલક ઈજનેર
સિંચાઈ સર્વે પંચાયત પેટા વિભાગ
જિલ્લા પંચાયત, વડોદરા - ૩૯૦૦૦૨

(૩૦) જાહેર માહિતી અધિકારી
નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત સિંચાઈ પેટા વિભાગ
જિલ્લા પંચાયત,
વડોદરા - ૩૯૦૦૦૨

(૩૧) જાહેર માહિતી અધિકારી
મદદનીશ ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી,
પંચાયત (મા.મ) વિભાગ,
ન્યુ જીલ્લા પંચાયત ભવન,
ચોથો માળ, લાન્સર આર્મી સ્કુલની પાછળ,
પીપલોદ,વેસુ
તા. જી. સુરત - ૩૯૫૦૦૧

ગુજરાત માહિતી આયોગ

(૩૨) જાહેર માહિતી અધિકારી
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી
માર્ગ અને મકાન પેટા વિભાગ, કડા
દરવાજા,વિસનગર,
જી. મહેસાણા - ૩૮૪૩૧૫

(૩૩) જાહેર માહિતી અધિકારી
તલાટી-કમ-મંત્રી
નાગલપુર કસ્બા ગ્રામ પંચાયતની કચેરી
મુ.નાગલપુર કસ્બા,
મહેસાણા - ૩૮૨૮૭૦

(૩૪) જાહેર માહિતી અધિકારી
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયતની કચેરી
મુ.દહેગામ, તા. દહેગામ
જી. ગાંધીનગર - ૩૮૨૩૦૫

(૩૫) જાહેર માહિતી અધિકારી
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા વિકાસ અધિકારીની કચેરી
તાલુકા પંચાયતની કચેરી,
મું.પો.દેત્રોજ-રામપુર,
તા. દેત્રોજ, જી. અમદાવાદ - ૩૮૨૧૨૦

ગુજરાત માહિતી આયોગ

(૩૬) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
ખેડા માર્ગ અને મકાન વિભાગ,
આયોજન ભવન કંમ્પાઉન્ડ,
નડીયાદ, જી. ખેડા – ૩૮૭૦૦૧

(૩૭) જાહેર માહિતી અધિકારી
તલાટી-કમ-મંત્રી
શંખલપુર ગ્રામ પંચાયતની કચેરી
મુ. શંખલપુર, તા. બેચરાજી
જી. મહેસાણા - ૩૮૪૨૧૦

(૩૮) જાહેર માહિતી અધિકારી
જાહેર માહિતી અધિકારી
પ્રાંતની કચેરી
ખેરાલુ, જી. મહેસાણા - ૩૮૪૦૦૨

(૩૯) જાહેર માહિતી અધિકારી
કાર્યાલય અધિક્ષક લગત જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓની કચેરી
એસ-પ, બ્લોક નં ૩,
જીલ્લા સેવા સદન,
મહેસાણા - ૩૮૪૦૦૧

ગુજરાત માહિતી આયોગ

(૪૦) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
સાબરકાંઠા જીલ્લા પંચાયત
માર્ગ અને મકાન વિભાગ,જીલ્લા પંચાયતની
કચેરી,તા. હિંમતનગર
જી. સાબરકાંઠા - ૩૮૩૦૦૧

(૪૧) જાહેર માહિતી અધિકારી
પરિક્ષેત્ર વન અધિકારી
પરિક્ષેત્ર વન અધિકારીની કચેરી
ડીસા વિસ્તાર રેન્જ, મુ. પો. ડીસા
તા. ડીસા, જી. બનાસકાંઠા - ૩૮૫૫૩૫

(૪૨) જાહેર માહિતી અધિકારી
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી
એ.ટી.વી.ટી.પ્રાંત કચેરી, ડીસા
જી. બનાસકાંઠા - ૩૮૫૫૩૫

(૪૩) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર(ઇ.ચા)
ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
બ્લોક નં.૨-૩,પ્રથમ માળ, ડો.જીવરાજ મહેતા
ભવન, ગાંધીનગર – ૩૮૨૦૧૦

ગુજરાત માહિતી આયોગ

(૪૪) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
અમદાવાદ સિંચાઇ વિભાગ
કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
બ્લોક-સી, ૯ મો માળ,
બહુમાળી ભવન, વસ્ત્રાપુર,
અમદાવાદ - ૩૮૦૦૦૧

(૪૫) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન વિભાગ વલસાડ
જીલ્લા સેવાસદન-૨, ૧લો માળ,
વલસાડ - ૩૯૬૦૦૧

(૪૬) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન વિભાગ
પહેલો માળ, સેવાસદન-૧,
કોર્ટ બિલ્ડીંગ નજીક,
ભરૂચ - ૩૯૨૦૦૧

(૪૭) જાહેર માહિતી અધિકારી
જાહેર માહિતી અધિકારી
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા
બોર્ડ, અધિક્ષક ઇજનેરની કચેરી, જલભવન
અમદાવાદ - ૩૮૦૦૦૧

ગુજરાત માહિતી આયોગ

(૪૮) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ
ખેડા જીલ્લા પંચાયત,સ્ટેટ બેંકની
બાજુમાં,સ્ટેશન રોડ,મુ. નડીયાદ
તા. નડીયાદ
જી. ખેડા - ૩૮૭૦૦૧

(૪૯) <u>જાહેર માહિતી અધિકારી</u>
જાહેર માહિતી અધિકારી
માર્ગ અને મકાન (પં) પેટા વિભાગ
મોડાસા, તા. મોડાસા
જી. અરવલ્લી – ૩૮૩૩૧૫

(૫૦) <u>જાહેર માહિતી અધિકારી</u>
મદદનીશ ભુસ્તરશાસ્ત્રી
ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતું
બ્લોક નં.સી પાર્ટ-૧, ૪ થો માળ,
બહુમાળી ભવન,અસારવા,
જી. અમદાવાદ - ૩૮૦૦૧૬

(૫૧) <u>અપીલ સત્તાધિકારી</u>
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી
દહેગામ, તા. દહેગામ
જી. ગાંધીનગર – ૩૮૨૩૦૫

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૫૨) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
લઘુ સિંચાઇ એકમ-૨,
પાટનગર યોજના ભવન,
સેકટર-૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬

(૫૩) <u>અપીલ સત્તાધિકારી</u>
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી,
પંડિત દિનદયાલ ઉપાધ્યાય ભવન, ન્યાયની
કોર્ટ સામે, એસ.ટી સ્ટેન્ડ પાસે,
તા. કલોલ, જી.. ગાંધીનગર – ૩૮૨૭૨૧

(૫૪) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
પાટનગર યોજના વિભાગ નં. ૨, બ્લોક નં.-૯
ની બાજુમાં, નવા સચિવાલય કંપાઉન્ડ,
ગાંધીનગર – ૩૮૨૦૧

(૫૫) <u>અપીલ સત્તાધિકારી</u>
કલેકટર
કલેકટરની કચેરી
જનસંપર્ક શાખા,બ્લોક નં-૩,
બહુમાળી મકાન, ભોંયતળિયે,
એમ.એસ.ભવન, રાજ મહેલ રોડ,
મહેસાણા – ૩૮૪૦૦૧

(૫૬) અપીલ સત્તાધિકારી
નિવાસી અધિક કલેકટર
જિલ્લા કલેકટર કચેરી
જિલ્લા સેવા સદન, બહુમાળી મકાન, "બી"
બ્લોક, પથિકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧,
ગાંધીનગર – ૩૮૨૦૧૧

(૫૭) અપીલ સત્તાધિકારી
પંચાયત માર્ગ અને મકાન વિભાગ
જીલ્લા પંચાયત કચેરી
ગાંધીનગર - ૩૮૨૦૧૦

(૫૮) અપીલ સત્તાધિકારી
જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી
જીલ્લા પંચાયતની કચેરી, મોડાસા
જી. અરવલ્લી - ૩૮૩૩૧૫

(૫૯) અપીલ સત્તાધિકારી
નાયબ વન સંરક્ષક
નાયબ વન સંરક્ષકની કચેરી
સામાજીક વનીકરણ,બનાસકાંઠા વન વિભાગ,
સોનારીયા બંગલો,
બનાસડેરી રોડ, તા. પાલનપુર
જી. બનાસકાંઠા – ૩૮૫૦૦૧

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૬૦) અપીલ સત્તાધિકારી
અપીલ સત્તાધિકારી
ગુજરાત પ્રદુષણ નિયત્રંણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેકટર -૧૦
ગાંધીનગર - ૩૮૨૦૧૦

(૬૧) અપીલ સત્તાધિકારી
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા
બોર્ડ,જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,
ત્રીજો માળ, જલ ભવન બિલ્ડીંગ,
ટાઉન હોલની પાછળ, એલીસબ્રીજ,
અમદાવાદ – ૩૮૦૦૦૬

(૬૨) અપીલ સત્તાધિકારી
નાયબ વન સંરક્ષક
નાયબ વન સંરક્ષકની કચેરી
પાટણ વન વિભાગ,રાજ મહેલ રોડ,
રેલ્વે સ્ટેશનની બાજુમાં,
પાટણ – ૩૮૪૨૬૫

(૬૩) અપીલ સત્તાધિકારી
નિવાસી અધિક કલેકટર
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જીલ્લા સેવા સદન,શામળાજી રોડ,
તા. મોડાસા,
જી. અરવલ્લી – ૩૮૩૩૧૫

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૬૪) <u>અપીલ સત્તાધિકારી</u>
નિવાસી અધિક કલેકટર
કલેકટરની કચેરી,
બહુમાળી ભવન, એ-બ્લોક,
૧લો માળ,જીલ્લા સેવા સદન,
હિંમતનગર, જી. સાબરકાંઠા – ૩૮૩૦૦૧

(૬૫) <u>અપીલ સત્તાધિકારી</u>
નિવાસી અધિક કલેકટર
કલેકટરની કચેરી
જોરાવર પેલેસ,
તા. પાલનપુર
જી. બનાસકાંઠા – ૩૮૫૦૦૧

(૬૬) <u>અપીલ સત્તાધિકારી</u>
પ્રાદેશિક મેનેજર
પ્રાદેશિક મેનેજરની કચેરી
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ પ્લોટ નં.
એચ-૩, જીઆઈડીસી એસ્ટેટ, એફ.સી.આઈ.
ગોડાઉન પાસે,
મોઢેરા રોડ, મહેસાણા – ૩૮૪૦૦૧

(૬૭) <u>અપીલ સત્તાધિકારી</u>
મદદનીશ કમિશ્નર
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
મહેસાણા – ૩૮૪૦૦૧

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૬૮) અપીલ સત્તાધિકારી
જીલ્લા રજીસ્ટ્રાર
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી,
બી-વિંગ, સહયોગ સંકુલ,
છઠ્ઠો માળ, સેકટર-૧૧,
ગાંધીનગર – ૩૮૨૦૧૧

(૬૯) અપીલ સત્તાધિકારી
નાયબ કાર્યપાલક ઇજનેર
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
સિવિલ ઇજનેરી શાખા-૧, પંડિત દિનદયાળ
ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની
પાછળ,સેકટર-૧૭,
ગાંધીનગર – ૩૮૨૦૧૬

(૭૦) અપીલ સત્તાધિકારી
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી
શહેર માર્ગ અને મકાન શહેર વર્તુળ,
૫ /એ બહુમાળી ભવન,
હિમાલયા મોલની સામે,વસ્ત્રાપુર,
અમદાવાદ - ૩૮૦૦૫૨

(૭૧) અપીલ સત્તાધિકારી
અધિક્ષક ઇજનેર
સુજલામ સુફલામ વર્તુળ નં-૧
સ્ટેટ વોટર ડેટા સેન્ટર બીલ્ડીંગ,
સેકટર-૦૮, ગાંધીનગર – ૩૮૨૦૦૮

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૭૨) <u>અપીલ સત્તાધિકારી</u>
જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા વિકાસ અધિકારીની કચેરી
જીલ્લા પંચાયતની કચેરી, નડીયાદ
જી. ખેડા - ૩૮૭૦૦૧

(૭૩) <u>અપીલ સત્તાધિકારી</u>
ચીફ ઓફિસર (વર્ગ-૧)
પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ
ગાંધીનગર ઝોન,બ્લોક નં-૧૪,
ત્રીજો માળ, ડો.જીવરાજ મહેત્તા ભવન,
જુના સચિવાલય,
સેકટર-૧૦, ગાંધીનગર – ૩૮૨૦૧૦

(૭૪) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય),
રેલ્વે સ્ટેશન પાછળ, સેલ્સટેક્ષ ઓફીસ પાસે,
રાજ મહેલ રોડ, પાટણ – ૩૮૪૨૬૫

(૭૫) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઈજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી,
માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) રાજમહેલ
કમ્પાઉન્ડ, જુના બસ સ્ટેન્ડની બાજુમાં,
મહેસાણા – ૩૮૪૦૦૧

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૭૬) અપીલ સત્તાધિકારી
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
પાટનગર યોજના વિભાગ નં. ૨, બ્લોક નં.-૯
ની બાજુમાં, નવા સચિવાલય કંપાઉન્ડ,
ગાંધીનગર – ૩૮૨૦૧૦

(૭૭) અપીલ સત્તાધિકારી
કાર્યપાલક ઈજનેર
કાર્યપાલક ઈજનેરની કચેરી
તાપી માર્ગ અને મકાન વિભાગ,
વ્યારા જીલ્લા સેવા સદન,
બ્લોક નં.૧૦,બીજો માળ, પાનવાડી,
તા. વ્યારા, જી. તાપી – ૩૯૪૬૫૦

(૭૮) અપીલ સત્તાધિકારી
કાર્યપાલક ઇજનેર
પંચાયત સિંચાઇ વિભાગ,
જીલ્લા પંચાયત
વડોદરા – ૩૯૦૦૦૨

(૭૯) અપીલ સત્તાધિકારી
કાર્યપાલક ઈજનેર
જીલ્લા પંચાયત ભવન,
ન્યુ જીલ્લા પંચાયત ભવન,
ચોથો માળ, લાન્સર આર્મી સ્કુલની પાછળ,
પીપલોદ, વેસુ,
સુરત – ૩૯૫૦૦૧

ગુજરાત માહિતી આયોગ

(૮૦) <u>અપીલ સત્તાધિકારી</u>
(નિવાસી અધિક કલેકટર)
ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતું
ખાણ અને ખનીજ શાખા,બ્લોક નં.સી,
૪ થો માળ, બહુમાળી ભવન, અસારવા
જી. અમદાવાદ - ૩૮૦૦૧૬

(૮૧) <u>અપીલ સત્તાઅધિકારી</u>
પ્રાંત અધિકારી
પ્રાંત અધિકારી અને ડિવિઝનલ મેજીસ્ટ્રેટની
કચેરી,
બીજો માળ, મામલતદાર કચેરીનું મકાન,
વણીકર ક્લબ સામે,
મ્યુનિસિપલ ગ્રાઉન્ડ સામે,
મહેસાણા – ૩૮૪૦૦૧

(૮૨) <u>અપીલ સત્તાધિકારી</u>
નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી(પંચાયત)
જીલ્લા પંચાયત અમદાવાદ,
પંચાયત શાખા, લાલદરવાજા, ભદ્ર,
અમદાવાદ – ૩૮૦૦૦૧

(૮૩) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી,
અમદાવાદ(માર્ગ અને મકાન)
વર્તુળ નં. - ૧, એ-૬, બહુમાળી ભવન,
વસ્ત્રાપુર સરકારી વસાહત પાસે,
ડ્રાઇવ-ઇન-રોડ, હિમાલયા મોલની સામે,
અમદાવાદ – ૩૮૦૦૫૨

ગુજરાત માહિતી આયોગ

(૮૪) <u>અપીલ સત્તાધિકારી</u>
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી
બેચરાજી, જી. મહેસાણા – ૩૮૪૨૧૦

(૮૫) <u>અપીલ સત્તાધિકારી</u>
પ્રાંત અધિકારી
પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ
મેજીસ્ટ્રેટની કચેરી, તાલુકા સેવા સદન,
ત્રીજો માળે,ખેરાલુ
જી. મહેસાણા – ૩૮૪૩૨૫

(૮૬) <u>અપીલ સત્તાધિકારી</u>
જીલ્લા રજીસ્ટ્રાર
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી,
બ્લોક નં. ૩, બીજો માળ,
બહુમાળી ભવન, રાહમહેલ કંપાઉન્ડ
મહેસાણા – ૩૮૪૦૦૧

(૮૭) <u>અપીલ સત્તાધિકારી</u>
પ્રાંત અધિકારી
પ્રાંત અધિકારીની કચેરી
નવા બસ સ્ટેશન સામે
તા. ડીસા, જી. બનાસકાંઠા – ૩૮૫૫૩૫

ગુજરાત માહિતી આયોગ

(૮૮) <u>અપીલ સત્તાધિકારી</u>
મુખ્ય ઇજનેર
ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
બ્લોક નં.૨-૩, પ્રથમ માળ,
ડો.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર – ૩૮૨૦૧૦

(૮૯) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી,
અમદાવાદ સિંચાઇ વિભાગ,
બ્લોક-એ, ૯ મો માળ, બહુમાળી
ભવન,વસ્ત્રાપુર સરકારી વસાહત,
ડ્રાઇવ-ઇન રોડ,વસ્ત્રાપુર,
અમદાવાદ – ૩૮૦૦૫૨

(૯૦) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
માર્ગ અને મકાન વર્તુળ
૧લો માળ, દયાળજી બાગની સામે,
નાનપુર, સુરત – ૩૯૫૦૦૧

(૯૧) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી
વડોદરા (મા. અને મ.) વર્તુળ,
ન્યુ કોઠી બિલ્ડીંગ, વેસ્ટ વિંગ,
વડોદરા - ૩૯૦૦૦૧

ગુજરાત માહિતી આયોગ

(૯૨) <u>અપીલ સત્તાધિકારી</u>
મુખ્ય ઈજનેર
ગુજરાત પાણી પુરવઠા અને
ગટર વ્યવસ્થા બોર્ડ, ઝોન-૨,
"જલભવન" ચોથો માળ,
એલીસબ્રીજ , ટાઉનહોલ પાછળ ,
અમદાવાદ – ૩૮૦૦૦૬

(૯૩) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી,
માર્ગ અને મકાન પંચાયત વિભાગ,
ખેડા જીલ્લા પંચાયત, સ્ટેટ બેંકની બાજુમાં,
સ્ટેશન રોડ, નડીયાદ
જી. ખેડા – ૩૮૭૦૦૧

(૯૪) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઈજનેરની કચેરી
માર્ગ અને મકાન(પંચાયત) વિભાગ,
જીલ્લા પંચાયત, તા. અરવલ્લી
જી. અરવલ્લી – ૩૮૩૩૧૫

(૯૫) <u>અપીલ સત્તાધિકારી</u>
નાયબ જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા પંચાયત કચેરી
સેક્ટર-૧૭, ગાંધીનગર,
ગાંધીનગર - ૩૮૨૦૧૭

તા. ૧૨/૩/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

આજરોજ વિવાદીની કુલ ૫૪ પૈકી ૪૭ બીજી અપીલ/ફરિયાદની સંયુક્ત પ્રાથમિક સુનાવણી યોજવામાં આવેલ છે. વિવાદી સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી. આયોગને અનુભવે જણાયું છે કે, વિવાદી તેઓની બીજી અપીલ/ફરિયાદની સુનાવણીમાં ઉપસ્થિત રહેતા નથી.

વિવાદી તરફથી વર્ષ-૨૦૧૦ થી અત્યાર સુંધીમાં આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ બીજી અપીલ/ફરિયાદની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | આયોગ સમક્ષ રજૂ થયેલ બીજી અપીલ/ફરિયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૦-૨૦ | ૧૫૫ |
| ૨ | ૨૦૨૧ | ૬૬ |
| ૩ | ૨૦૨૨ | ૩૨૦ |
| ૪ | ૨૦૨૩ | ૧૩૧ |
| ૫ | ૨૦૨૪ | ૧૩૨ |
| ૬ | ૨૦૨૫ | ૯ |
| | કુલ સંખ્યા | ૮૧૩ |

આમ, વિવાદી દ્વારા અધિનિયમ હેઠળ આયોગ સમક્ષ અત્યાર સુંધી રજૂ કરવામાં આવેલ બીજી અપીલ/ફરિયાદની કુલ સંખ્યા-૮૧૩ છે. તે જોતાં જણાય છે કે, વિવાદી દ્વારા ખૂબ મોટી સંખ્યામાં અધિનિયમ હેઠળ અરજીઓ કરીને વિવિધ જાહેર સત્તામંડળ પાસેથી માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

આયોગને અનુભવે જણાયું છે કે, વિવાદી દ્વારા મોટાભાગની અરજીઓમાં અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને અરજી કરવામાં આવેલ નહીં હોવાથી, આયોગ દ્વારા વિવાદીને અનેક હુકમો અન્વયે જણાવવામાં આવેલ છે કે, ભવિષ્યમાં તેઓ દ્વારા માહિતીની માંગણી કરતી વખતે અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવે. માત્ર સમયગાળો દર્શાવીને માહિતીની માંગણી કરવાથી અને તે મુજબની માહિતી તારવીને/તૈયાર કરીને આપવાથી અધિનિયમની કલમ-૭(૯)ની જોગવાઇઓ અનુસાર જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થાય છે, તે બાબતો ધ્યાનમાં રાખવામાં આવે. આવા કેટલાક હુકમોને સંબંધિત અપીલના નંબર નીચે મુજબ છે.

| | |
|---|---|
| અ-૩૭૫૪-૨૦૨૨ | અ-૩૫૨૯-૨૦૨૩ |
| અ-૫૫૬૦-૨૦૨૨ | અ-૬૪૩૯-૨૦૨૩ |
| અ-૫૫૬૭-૨૦૨૨ | અ-૬૪૪૧-૨૦૨૩ |

આ ઉપરાંત, આયોગ દ્વારા નીચે દર્શાવેલ અપીલ/ફરિયાદ નંબરને સંબંધિત હુકમો અન્વયે વિવાદીને સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે, હવે પછી અધિનિયમની કલમ-૬(૧) અને નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતી ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવે અન્યથા આયોગ દ્વારા તેઓની અપીલ/ફરિયાદને **"Reject"** કરવા અને/અથવા તેઓ વિરૂદ્ધ પ્રતિબંધક હુકમો કરવાની ફરજ પડશે.

| | |
|---|---|
| અ-૬૨૬૭-૨૦૨૩ | અ-૬૪૫૬-૨૦૨૩ |
| અ-૬૪૪૦-૨૦૨૩ | ફ-૧૦૩૩-૨૦૨૩ |

આ ઉપરાંત વિવાદી દ્વારા આયોગ સમક્ષ ખોટા સોગંદનામા અને ખોટી રજૂઆતો કરીને આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવેલ હોવા અંગેની નોંધ આયોગના નીચેની અપીલ/ફરિયાદને સંબંધિત હુકમોમાં કરવામાં આવેલ છે.

(૧) અ-૪૬૨૨-૨૦૨૨

(૨) અ-૧૭૮૪-૨૦૨૩

(3) ફ-0૨03-૨0૨3

આમ છતાં, વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે. આ પ્રકારે માહિતીની માંગણી કરવામાં આવતી હોવાથી, સંબંધિત જાહેર માહિતી અધિકારી અને/અથવા પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા વિવાદીને એક કે તેથી વધુ વખત રેકર્ડ નિરીક્ષણ કરી, માહિતી મેળવી લેવા માટે જણાવવામાં આવેલ છે. પરંતુ, વિવાદી દ્વારા જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતી માંગવામાં આવેલ હોવાથી તથા માંગવામાં આવેલ માહિતીનું રેકર્ડ વિશાળ પ્રમાણમાં હોવાથી, અનેક વખત વિવાદીને સંતોષકારક માહિતી મળેલ ન હોવાની રજૂઆત આયોગ સમક્ષ વિવાદી દ્વારા બીજી અપીલ/ફરિયાદ અન્વયે કરવામાં આવેલ છે.

આયોગને અનુભવે જણાયું છે કે,પ્રસ્તુત અપીલના વિવાદીને કઇ ચોક્કસ માહિતી જોઇએ છે તે અંગે તેઓને જાણકારી હોતી નથી અને તેથી તેઓ દ્વારા નમૂના-કની અરજીથી અતિવિસ્તૃત સમયગાળાની અને વિવિધ વિષય/બાબત અંગે માહિતીની માંગણી કરવામાં આવે છે.

માહિતી અધિકાર અધિનિયમમાં માહિતી માંગવા માટે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

- <u>કલમ-૬(૧)</u> : "આ અધિનિયમ હેઠળ કોઇ માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે <u>તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને</u>........"
- માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | <u>જરૂરી માહિતીની ચોક્કસ બાબતો/વિગતો(ટૂંકમાં)</u> | <u>જરૂરી માહિતીનો ચોકકસ સમયગાળો</u> |
|---|---|---|

- માહિતી અધિકાર અધિનિયમની કલમ – ૭ (૯) માં માહિતી માંગવા સંબંધમાં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

<u>કલમ-૭(૯)</u> : "સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઇશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય."

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

આમ, વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે. આવી માહિતી માંગતી વખતે અધિનિયમની કલમ-૭(૯)ની જોગવાઇઓ અનુસાર, જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવો જોઇએ નહીં.

વિવાદી દ્વારા જે રીતે માહિતી માંગવામાં આવે છે તે રીત અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત નથી. આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઇઓ અનુસાર, તેઓને કોઇ માહિતી મળવાપાત્ર નથી. વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે અનેક જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે અને તેથી જ કેટલાંક જાહેર માહિતી અધિકારી/ પ્રથમ અપીલ સત્તાધિકારીઓ દ્વારા આ કારણોસર માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવેલ છે અને/અથવા વિવાદીને રેકર્ડ નિરીક્ષણ માટે જણાવવામાં આવેલ છે. આ ઉપરાંત, જાહેર સત્તામંડળમાં જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે તથા genuine અરજદારોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

આમ છતાં, અત્યાર સુધી આયોગ દ્વારા અધિનિયમની ભાવના, હેતુ અને જોગવાઇઓનો ઉદારતાપૂર્વક અમલ કરવાના હેતુથી વિવાદીની અનેક બીજી અપીલ/ફરિયાદની સુનાવણી કરવામાં આવેલ છે અને વિવાદીને અનેક વખત અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને, માહિતી માંગવા માટે જણાવવામાં આવેલ હોવા છતાં, વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ઉપર મુજબ અને અપ્રમાણસર અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

ગુજરાત માહિતી આયોગ

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના આમુખમાં દર્શાવેલ છે કે.........

*"..અને ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદીત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ છે; અને લોકશાહી આદર્શની સર્વોપરીતા જાળવતી વખતે આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે.... તેથી હવે જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઇ કરવી ઇષ્ટ છે...."*

અધિનિયમના આમુખમાં દર્શાવેલ "સંઘર્ષ"ની શકયતાઓ, 'સંવાદિતા સાધવાનો' વ્યકત થયેલ આદર્શ અને "અમુક" માહિતી પૂરી પાડવાના આદેશો ધ્યાને લઇને માહિતી આયોગે સર્વગ્રાહી વિચારણા કરીને, અધિનિયમની જોગવાઇઓમાં રજ થયેલ આદર્શો અને હેતુઓના પરિપ્રેક્ષ્યમાં અંતઃકરણ અને નિષ્ઠાપૂર્વક નિર્ણય લેવાનો રહે છે.

રાષ્ટ્રની સંસદ દ્વારા લોકશાહીના ઉચ્ચ આદર્શોને સિધ્ધ કરવાના હેતુથી ઘડવામાં આવેલ અધિનિયમનો અયોગ્ય/અતિ/અપ્રમાણસર ઉપયોગ પરત્વે આયોગ લાંબા સમય સુધી મૌન રહી શકે નહીં.

ઉકત વિગતોના પરિપ્રેક્ષ્યમાં સુનાવણી માટે રજ થયેલ બીજી અપીલ/ ફરિયાદને સંબધિત હકીકતો અને નિર્ણયઃ-

આયોગ સમક્ષ આજ રોજ ઉક્ત વિવાદીની કુલ ૫૪ બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ થયેલ છે. તે પૈકી પ્રસ્તુત હુકમમાં દર્શાવેલ કુલ-૪૭ બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની વિગતો જોતા, વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત

ગુજરાત માહિતી આયોગ

કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવામાં આવેલ છે. આમ, રજૂ થયેલ બીજી અપીલ/ફરિયાદના કુલ ૮૭ % નમૂના-"ક"ની અરજીઓ અન્વયે અધિનિયમની ઉક્ત જોગવાઇઓ અનુસાર, માહિતીની માંગણી કરવામાં આવેલ નથી. આ સિવાયની અન્ય ૭(સાત) અપીલ/ફરિયાદને સંબંધિત નમૂના-"ક"ની વિગતો જોતા, વિવાદી દ્વારા કેટલાક મુદ્દાઓ અન્વયે આ જ પ્રકારે માહિતીની માંગણી કરવામાં આવેલ છે. કેટલાક મુદ્દાઓ અન્વયે ચોક્કસ પરંતુ, જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થાય તેવી વિશાળ પ્રમાણમાં માહિતી માંગવામાં આવેલ છે. એક કિસ્સામાં ત્રાહિતને અંગત માહિતીની માંગણી કરવામાં આવેલ છે, તે બાબત પણ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

વિવાદી દ્વારા અતિવિસ્તૃત સમયગાળાની અને/અથવા પ્રાથમિક દ્રષ્ટીએ વિશાળ પ્રમાણમાં માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતો/હકીકતોના પરિપ્રેક્ષ્યમાં વિવાદી/ફરિયાદીને સાંભળી, તેઓને અધિનિયમની જોગવાઇઓથી વાકેફ કરી શકાય અને અધિનિયમની જોગવાઇઓ અનુસાર માહિતીની માંગણી હોય તો, માહિતી આપવા બાબતે વિચારણા કરી શકાય તેવા વિવિધ હેતુઓસર આયોગ દ્વારા ઉક્ત તમામ બીજી અપીલ/ફરિયાદની સંયુક્ત અને પ્રાથમિક સુનાવણી યોજવામાં આવેલ છે. પરંતુ, અગાઉની જેમ જ વિવાદી સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી કે તેઓની કોઇ લેખિત રજૂઆત મળેલ નથી.

આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની ઉકત પ્રત્યેક અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીની વિગતો જોતાં, વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવેલ ન હોવાથી તથા માંગવામાં આવેલ

માહિતી અતિવિસ્તૃત સમયગાળાની અને વિશાળ પ્રમાણમાં હોવાથી, જાહેર માહિતી અધિકારી અને/અથવા પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા વિવાદીને રેકર્ડ નિરીક્ષણ કરીને માહિતી મેળવી લેવા માટે જણાવવામાં આવેલ છે. મોટાભાગના કિસ્સાઓમાં વિવાદી રેકર્ડ નિરીક્ષણ માટે ઉપસ્થિત રહેલ નથી અને તેથી તેઓને માહિતી પ્રાપ્ત થયેલ નથી.

ઉક્ત વિગતો ધ્યાને લઇને, વિવાદીની ઉક્ત તમામ ૪૭ બીજી અપીલ/ફરિયાદ "નામંજૂર" કરવામાં આવે છે.

આ ઉપરાંત, વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો હોવાથી, આયોગને નીચેની બાબતો ધ્યાને લઇને, વિવાદી દ્વારા અયોગ્ય/અતિ/અપ્રમાણસર રીતે વિવિધ જાહેર સત્તામંડળોના સ્ત્રોતોનો ઉપયોગ ન થાય તે માટેના ઉપાયો માટે વિચારણા કરવી જરૂરી જણાય છે;

(૧) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ સહિત ચુકાદામાં કરવામાં આવેલ વિવિધ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ની વિગતો નીચે મુજબ છે.

"<u>Para-35</u> At this juncture, it is necessary to clear some misconceptions about the RTI Act. The RTI Act provides access to all information that is available and existing. This is clear from a combined reading of section 3 and the definitions of 'information' and 'right to information' under clauses (f) and (j) of section 2 of

the Act. If a public authority has any information in the form of data or analyzed data, or abstracts, or statistics, an applicant may access such information, subject to the exemptions in section 8 of the Act. But where the information sought is not a part of the record of a public authority, and where such information is not required to be maintained under any law or the rules or regulations of the public authority, the Act does not cast an obligation upon the public authority, to collect or collate such non available information and then furnish it to an applicant. A public authority is also not required to furnish information which require drawing of inferences and/or making of assumptions. It is also not required to provide 'advice' or 'opinion' to an applicant, nor required to obtain and furnish any 'opinion' or 'advice' to an applicant. The reference to 'opinion' or 'advice' in the definition of 'information' in section 2(f) of the Act, only refers to such material available in the records of the public authority. Many public authorities have, as a public relation exercise, provide advice, guidance and opinion to the citizens. But that is purely voluntary and should not be confused with any obligation under the RTI Act."

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down

ગુજરાત માહિતી આયોગ

with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquillity and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing 'information furnishing', at the cost of their normal and regular duties."

(૨) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs.Shaunak H. Satya &Ors)ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે:

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1)(b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities

and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપ્રયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઇએ.

(૩) હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા W.P(C) No.845/2014માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

(૪) વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાતું હોવાથી, વિવાદી દ્વારા યોગ્ય અને પ્રમાણસર માહિતીના

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

અધિકારનો ઉપયોગ કરવામાં આવે તે માટે આયોગ દ્વારા વિવાદીને તેઓની અનેક અપીલ/ફરિયાદ અન્વયે અનેક વખત હુકમો કરીને જણાવવામાં આવેલ છે. આ ઉપરાંત, તેઓ વિરૂદ્ધ પ્રતિબંધક હુકમો કરવાની ચેતવણી પણ આપવામાં આવેલ છે.

(૫) આમ છતાં, વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનુ ચાલુ રાખવામાં આવેલ છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, યોગ્ય રીતે અરજી કરશે અને કરવામાં આવતી અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.

(૬) આટલી વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને વિવાદી અધિનિયમમાં દર્શાવેલ ક્યો હેતુ સિદ્ધ કરવા માંગે છે કે મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

(૭) અધિનિયમના આમુખમાં દશાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં:

(૮) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૯) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂદ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "ડીસમીસ્ડ" કરવામાં આવેલ છે.

(૧૦) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિદ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય જણાય છે.

(૧૧) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૧૨(બાર) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૧૨(બાર) અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઇ જાય। આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૧૨(બાર) અરજીઓ કરી શકશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં: અ-૧૬૨૮-૨૦૨૪ અને અન્યમાં તા.૧૨/૦૩/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૧૨(બાર) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક .......... છે." આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૧૨(બાર) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૧૨(બાર) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

સચિવ, ગુજરાત માહિતી આયોગને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

રજીસ્ટ્રાર, ગુજરાત માહિતી આયોગને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૧૨(બાર) થી વધુ અરજી કરવામાં આવી હોય તો, ૧૨(બાર) થી વધુ અરજીઓ સંબંધમાં મળેલ તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

ઉક્ત હુકમ અન્વયે ઉક્ત તમામ બીજી અપીલ/ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

મુકાબલ કરનાર

Shrimali

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર